# મલાનાથી ચંદ્રાખાની ઘાટની ટોચ સુધી પહોંચતાં રસ્તામાં અમને બરફનાં ક્યાંય દર્શન ન થયાં

**હિમાલયનાં વિરલ તીર્થો**
**ભાણદેવ**

સવારે સાતેક વાગ્યે અમે નીકળ્યા. અમારા યજમાન મિત્રને અહીંથી મનાલીના રસ્તાની બરાબર જાણકારી છે. તેમણે અમને માહિતી અને માર્ગદર્શન આપી રાખ્યાં છે. અમારે ચંદ્રાખાની ઘાટ થઈને નગર પહોંચવું છે. સડસડાટ ચાલતા અમે આશરે અગિયાર વાગ્યે ચંદ્રાખાની ઘાટની ટોચ પર પહોંચ્યા. ઉપર જઈને જોયું તો સ્તબ્ધ થઈ ગયા. પહાડની પાછળની બાજુ માઈલો સુધી સર્વત્ર બરફ છવાયેલો છે. મલાનાના અમારા યજમાને અમને ચેતવણી આપી રાખી હતી.

“ચંદ્રાખાની મેં અભી બહુત બરફ હોને કા ડર હૈ, સાવધાન રહના. અગર પાર કરના સંભવ ન હો તો વાપિસ આ જાના.”

મલાનાથી ચંદ્રાખાની ઘાટની ટોચ સુધી પહોંચતાં રસ્તામાં અમને બરફનાં ક્યાંય દર્શન ન થયાં અને ટોચ પર પહોંચીને જોઈએ તો પહાડની પાછળની બાજુ સર્વત્ર બરફ છવાયેલો છે. પહાડની દક્ષિણ બાજુએ બિલકુલ બરફ ન હોય અને તે જ પહાડની ઉત્તર બાજુએ પુષ્કળ બરફ હોય તેવું હિમાલયમાં ઘણી વાર જોવા મળે છે. એક પહાડની એક બાજુએ અડાબીડ જંગલ હોય અને બીજી બાજુએ એક ઝાડ પણ ન હોય તેવાં



દૃશ્યો હિમાલયમાં અનેક વાર જોયાં છે એટલે અમે જે દૃશ્ય જોયું તેમાં પ્રાકૃતિક દૃષ્ટિએ કશું નવાઈ પામવા જેવું નથી. સૂર્યનો તાપ, પવનની ગતિ વગેરે પ્રાકૃતિક પરિબળો પહાડની બંને બાજુએ ભિન્ન-ભિન્ન હોય છે, તેથી બંને બાજુની પરિસ્થિતિ ભિન્ન- ભિન્ન હોય તે સમજી શકાય તેમ છે એટલે અવનવું તો આમાં કશું નથી, એ તો બરાબર પણ બરફનો આ દરિયો પાર કરવો કેમ?

અમારે જે પગદંડી પરથી પસાર થવાનું છે તે પગદંડી બરફમાં દટાઈ ગઈ છે એટલે કઈ દિશામાં જવું તે નક્કી કરવું ઘણું મુશ્કેલ છે. અમે ઘાટની ટોચ પર ઊભા છીએ. એક બાજુ દક્ષિણ દિશામાં જંગલો છે અને બીજી બાજુ–ઉત્તર દિશામાં બરફ છે. બરફના આ ઢોળાવ પછી જંગલો શરૂ થાય છે. સામેના પહાડો હિમાચ્છાદિત છે. નીચાણવાળા ભાગમાં જંગલો છે.

હવે અમારી પાસે બે સમસ્યાઓ છે. પગદંડીનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી. પ્રથમ સમસ્યા એ છે કે અમારે ચાલવું કઈ દિશામાં? બીજી સમસ્યા એ છે કે આ બર્ફીલા પહાડને પાર કેવી રીતે કરવો? સપાટ ભૂમિમાં બરફ પર ચાલવું સરળ છે પણ પહાડના આ આકરા બર્ફીલા ઢાળ પર ચાલવું કેમ? વળી આ અંતર 100-200 મીટરનું નથી પણ ઘણું લાંબું છે.

થોડી વાર તો સન્નાટો છવાયેલો રહ્યો. બધા ચૂપ થઈ ગયા. મનમાં-મનમાં જ ગુફ્તગો ચાલી હવે શું કરશું? પછી ધીમે-ધીમે સામૂહિક વિચારણા અને વાતો શરૂ થઈ. આખરે અમે આ બર્ફીલા વિસ્તારમાંથી પસાર થવાનું નક્કી કર્યું. ખરી પગદંડી કઈ દિશામાં છે તે અમે જાણતા નથી પણ એવું નક્કી કર્યું કે આપણે આ બર્ફીલા પહાડની બરાબર વચ્ચેથી પસાર થવું ડાબી કે જમણી બાજુ નહિ. અમે એમ માન્યું કે નીચે ઊતર્યા પછી આગળનો કોઈક રસ્તો મળી રહેશે. હવે અમારી સામે સવાલ છે, આ બરફમાં ચાલવું કેમ? અમારી પાસે બરફમાં ચાલવાના બૂટ કે અન્ય સાધન નહોતાં અને રાત્રીનિવાસ માટે તંબુ પણ નહોતા. કોઈ મજૂર કે ભોમિયો પણ સાથે નથી કારણ કે આટલો બરફ અનપેક્ષિત હતો. ઢાળ વધુ આકરો હોય અને ચાલવું શક્ય ન હોય ત્યાં લપસતાં-લપસતાં આગળ વધવાનું અને ઢાળ બહુ ન હોય અને ચાલવું શક્ય હોય ત્યાં ચાલીને આગળ વધવાનું અમે નક્કી કર્યું. પ્રારંભ જ લપસવાથી કરવાનો હતો પણ પહેલાં લપસે કોણ ? પહેલાં લપસવાની જવાબદારી મારા પર આવી. હાથણીએ કળશ મારા પર ઢોળ્યો જ ! રૂકસેક પીઠ પર બરાબર બાંધી હું તૈયાર થયો. થોડી વાર તો બધાનો જીવ અધ્ધર ચડી ગયો. હું બરફ પર બેસી ગયો. બંને પગ પહોળા રાખી વચ્ચે બંને હાથથી પકડીને લાકડી, અણી બરફ તરફ

> **એક બાજુ દક્ષિણ દિશામાં જંગલો છે અને બીજી બાજુ–ઉત્તર દિશામાં બરફ છે. બરફના આ ઢોળાવ પછી જંગલો શરૂ થાય છે. સામેના પહાડો હિમાચ્છાદિત છે. નીચાણવાળા ભાગમાં જંગલો છે**

રહે તેમ ગોઠવી. લાકડીની અણી જમીનથી ચારેક ઈંચ ઊંચી રાખી. લાકડીનો ઉપયોગ બ્રેક મારવા માટે કરવાનો છે, જ્યારે અટકી જવું હોય ત્યારે બંને હાથથી લાકડી બરફમાં ખોસી દેવાની એટલે આપણી ગાડી ઊભી રહેશે. બંને પગ ઊંચા કર્યા એટલે સ્લેજગાડીની જેમ મારું શરીર સડસડાટ કરતું નીચે લપસવા માંડ્યું. ઘડી ભર તો કંઈ સમજાયું નહિ પણ થોડી સેકંડોમાં જ હું લગભગ ત્રણસોએક ફૂટ નીચે ઊતરી આવ્યો. ઢોળાવનો પહેલો ભાગ પૂરો થયો ને મેં લાકડી બરફમાં ખોસી બ્રેક મારી.

બધા હર્ષથી ચિચિયારી કરી ઊઠ્યા. હું તરત ઊભો થઈ ગયો. કપડાં પર લાગેલો બરફ ખંખેર્યો. બરફ પર એક સરસ મજાનો લિસોટો પડી ગયો. એક પછી એક બધા સાથીઓ એ જ પદ્ધતિથી મારી પાસે આવી પહોંચ્યા.

(ક્રમશઃ)



# સીતાનવમી

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

ભારતની સનાતન સંસ્કૃતિના બે મહાકાવ્યોમાં એક છે રામાયણ અને બીજું મહાભારત. બંને મહાન ગ્રંથોના કેન્દ્રસ્થાને એક નારી છે. રામાયણ ‘સીતાહરણ’ની મુખ્ય ઘટના પછી રચાયું અને મહાભારતની નાયિકા દ્રૌપદી છે. આ બંને મહાન ધર્મગ્રંથમાં ઈશ્વરની અપરંપાર લીલાઓ વર્ણવાઈ છે પણ કથાઓમાં ખૂબ તફાવત છે. ભાગવતકારોને આપણે વ્યાસપીઠ પરથી સાંભળ્યા છે કે જ્યાં મારું -મારું હોય ત્યાં મહાભારત સર્જાય અને તારું-તારુંની ભાવના હોય ત્યારે

સીતામઢીમાં બનનાર સૂચિત ભવ્ય જાનકી મંદિર



રામાયણનો સમર્પણ પ્રેમ દર્શાય છે. હંમેશાં રામરાજ્યની માણસ અપેક્ષા રાખતો હોય છે કારણ કે રાવણવધ પછી અયોધ્યામાં ભગવાન રામે ગાદી સંભાળી અને કુશળ વહીવટનો પરિચય પ્રજાને થયો. પ્રેમ, દયા, કરૂણા, પ્રજા વાત્સલ્ય, ન્યાય, સમાનતાનો સ્પર્શ એવો અનુભવાયો કે વાલ્મીકિએ રામાયણમાં અને તુલસીદાસજીએ રામચરિત માનસમાં ખૂબ ઉત્તમ પ્રકારે વર્ણનો કર્યાં છે અને આજ પર્યંત આપણે પણ રામરાજયની કલ્પના કરતા થઈ જઈએ છીએ. રામાયણની એ જ કથા હોય છે છતાં વારંવાર આપણને સાંભળવી ગમતી હોય છે. રામાયણનાં પ્રત્યેક પાત્રો ખૂબ જ નજીકથી ઓળખવા જેવાં છે. ઘણા બધા લેખકો, વિવેચકો, ટીકાકારોએ પાત્રાલેખન કર્યું છે. દરેક પાત્ર આપણને જીવનનો સાર શીખવે છે. રામ-લક્ષ્મણનો પિતૃપ્રેમ, વચનબદ્ધતા તો સીતાજીની પતિવ્રતતા, ભરત-શત્રુઘ્નનો ભ્રાતૃપ્રેમ તો હનુમાનજીની ભકિત, વિભીષણનો સત્યનો સાથ તો શબરી -અહિલ્યાની પ્રતીક્ષા અને કૃતજ્ઞતા..અને મહાપ્રતાપી બળવાન દશાનન રાવણ પણ શીખવે છે કે ગર્વ, અભિમાન અને ઘમંડ કયારેય ટકતું નથી. અહીં વાત કરવી છે લક્ષ્મી અવતાર ગણાતાં સીતાજીની. આવતા શુક્રવારે તા. 17-05-24ના રોજ સીતાનવમી છે. સીતાજીની જન્મજયંતી.

> **નેપાળમાં આવેલા જનકપુર ખાતે સીતામૈયાનું ભવ્યમંદિર આવેલું છે. 4860 વર્ગમીટર ફેલાયેલું આ ભવ્ય મંદિર રાજપૂત મહારાણી વૃષભભાનુએ 1911માં 9 લાખના ખર્ચે નિર્માણ કરાવેલું. 1895માં પ્રારંભ કરાયેલ આ મંદિર 16 વર્ષે બનેલું. ઇતિહાસકારોના જણાવ્યા મુજબ ઇ.સ. 1657માં અહીંથી સીતાજીની સોનાની મૂર્તિ પણ પ્રાપ્ત થયેલી. આ ભવ્ય મંદિરમાં વિવાહ મંડપ છે. જે જોવાલાયક છે. આ મંદિરની આજુબાજુમાં 115 જેટલા સરોવર અને કુંડ આવેલ છે. જે ગંગાસાગર, પરશુરામ સાગર, ધનુષ સાગર જેવા વિવિધ નામે ઓળખાય છે**


આમ તો આપણી બાજુ બહુ વિશેષ પ્રકારે ઉજવાતી નથી પણ નેપાળના જનકપુર, બિહારના સીતામઢી અને ઉત્તર પ્રદેશના અયોધ્યા ખાતે ધામધૂમથી ઉજવણી થતી હોય છે. માતા સીતાની જન્મકથા સંક્ષિપ્તમાં જાણીએ તો મિથિલાનરેશ જનકરાજા એક યજ્ઞના ભાગરૂપે ખેતરમાં હળ ચલાવતા હતા તે દરમ્યાન હળ એક મોટા કળશ સાથે ટકરાયું અને કળશ કાઢીને જોતા તેમાં એક બાળકી હતી. યજ્ઞની ફલશ્રુતિરૂપ સમજી પ્રાપ્ત બાળકીને જનકરાજાએ સ્વીકારી. હળના અણીદાર ભાગને સીત કહેવાય એટલે બાળકીનું નામ સીતા રખાયું. વાલ્મીકિ રામાયણમાં ઉલ્લેખ મુજબ રામ-સીતાના લગ્ન થયા ત્યારે રામની ઉંમર 13 વર્ષની હતી અને સીતાજીની ઉંમર 6 વર્ષની હતી. લગ્ન પછી સીતાજી 6 વર્ષ સુધી પિતાના ઘરે જ રહ્યાં અને 12 વર્ષની ઉંમરે અયોધ્યા ગયાં હતાં. ભગવાન રામ 25 વર્ષના થયા ત્યારે તેમને અયોધ્યાની ગાદી સોંપવાનો નિર્ણય લેવાયો. રાજયાભિષેકની આગલી રાત્રે જ રાણી કૈકયીએ તેમને મળેલા વચનનો લાભ લઈ પુત્રપ્રેમમાં અંધ થઈ અને દાસી મંથરાની વાતોમાં આવી જઈ ભરતને રાજગાદી અને શ્રીરામને ચૌદ વર્ષનો વનવાસ માંગેલો. વનવાસ સમયે સીતાજીની ઉંમર માત્ર 18 વર્ષ હતી. સીતાહરણ દરમ્યાન સીતાજી લંકાની અશોકવાટિકામાં 453 દિવસ એટલે કે લગભગ 1 વર્ષ 2 મહિના અને 10 દિવસ રહ્યાં હતાં. તુલસીદાસના રામચરિત માનસમાં સીતાજીનું નામ 147 વખત લેવાયું છે. પ્રેમ, સેવા, ઉદારતા, સમર્પણ અને ક્ષમાભાવના જેવા સર્વગુણ સંપન્ન સીતાજીની પતિવ્રતતા આજની નારીઓ માટે મોટી પ્રેરણા છે.

નેપાળમાં આવેલા જનકપુર ખાતે સીતામૈયાનું ભવ્યમંદિર આવેલું છે. 4860 વર્ગમીટર ફેલાયેલું આ ભવ્ય મંદિર રાજપૂત મહારાણી વૃષભભાનુએ 1911માં 9 લાખના ખર્ચે નિર્માણ કારાવેલું. 1895માં પ્રારંભ કરાયેલ આ મંદિર 16 વર્ષે બનેલું. ઈતિહાસકારોના જણાવ્યા મુજબ ઈ.સ. 1657માં અહીંથી સીતાજીની સોનાની મૂર્તિ પણ પ્રાપ્ત થયેલી. આ ભવ્ય મંદિરમાં વિવાહ મંડપ છે. જે જોવાલાયક છે. આ મંદિરની આજુબાજુમાં 115 જેટલા સરોવર અને કુંડ આવેલ છે. જે ગંગાસાગર, પરશુરામ સાગર, ધનુષ સાગર જેવા વિવિધ નામે ઓળખાય છે. રામાયણકાળના મિથિલા રાજ્યનો કેટલોક ભાગ આજે નેપાળમાં છે. જનકપુરના આ મંદિરથી રેલમાર્ગે માત્ર 25 Km દૂર બિહારનું સીતામઢી આવેલ છે. સીતાજીની જન્મભૂમિ ગણાતા સીતામઢીનું પનૌરા ખાતેનું જાનકી મંદિર પણ ખૂબ મહત્ત્વતા ધરાવતું યાત્રાધામ છે. ટીખળખોર અને ટીકાખોર કોઈ પત્રકારે એવું લખેલું કે રામમંદિરને આટલું બધું પ્રાધાન્ય અપાય છે ત્યારે સીતામંદિરને કેમ કોઈ પૂછતું નથી? જો કે તેની આ કોમેન્ટ પહેલાં જ સીતામઢીના પુનરોધ્ધાર અને વિકાસ માટેનો પ્લાન સરકારે મંજૂર કરી 72 કરોડ ફાળવી પણ દીધા છે. ઉપરાંત આજુબાજુનાં ધાર્મિક મંદિરોના વિસ્તારમાં પણ તીર્થયાત્રીઓની સગવડતા માટે ધર્મશાળા, રોડ-રસ્તા માટે 120 કરોડ પણ બિહાર સરકારે ફાળવ્યા છે. ધર્મસ્થળોના વિકાસના દૌરમાં સીતામઢી જિલ્લામાં સીતા-વાટિકા, લવ-કુશ વાટિકા, બાળકો માટે એન્ટરટેનમેન્ટ અને યાત્રિકોની વિશેષ સગવડો બહુ જ જલ્દી તૈયાર થઈ જશે. પ્રતિવર્ષ અહીં દેશમાંથી અને વિદેશોથી હજારો યાત્રી આવતા હોય છે. તેથી આ પણ ભવ્ય તીર્થસ્થળ બનાવવાની ઝુંબેશ હાથ ધરાઈ છે અને કામ ગતિપૂર્ણ છે.

નેપાળના જનકપુર સીતામંદિરમાં સીતાજીના વિવાહ થયેલા એટલે ત્યાંના લોકો સીતાજીને બહેન માને છે અને ભગવાન શ્રીરામને જીજાજી કહે છે. રામ-સીતાના જ્યાં વિવાહ રચાયેલ એ વિવાહમંડપ યાત્રાળુઓ માટે દર્શનીય મહત્ત્વતા ધરાવે છે. વિવાહમંડપના દર્શન કરવાથી મહિલાઓના સુહાગની ઉંમર લાંબી રહે છે અને સદા સુહાગન રહે છે. દર્શને આવનાર મહિલાઓમાં અહીંનું સિંદૂર લઈ જવાની પ્રથા છે.

અહીં લેખ પૂર્ણ કરતા પહેલાં એક કુદરતી સંયોગ કેવા રચાયા છે એનું કુતૂહલ એવું થયું કે કૃષ્ણ ભગવાનનો જન્મ આઠમનો જે જન્માષ્ટમી તરીકે ઉજવાય છે તો રાધાજીનો જન્મ પણ આઠમનો જેને આપણે રાધાષ્ટમી તરીકે ઉજવીએ છીએ. એ જ રીતે રામનો જન્મદિવસ રામનવમી અને સીતાજીનો જન્મદિવસ સીતાનવમી તરીકે ઉજવાય છે. આઠમ-આઠમ અને નોમ-નોમનો સંયોગ સ્વાભાવિક જ કુતૂહલ તો પેદા કરે જ...

# આદરણીય ગુરુ ગોપાલ કૃષ્ણ ગોસ્વામી મહારાજ



**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામી મહારાજ જેમણે ઈસ્કોનના સ્થાપક શ્રીલ પ્રભુપાદ ના અંગત સચિવ તરીકે સેવા આપી હતી. કેનેડામાં 1968માં ઈસ્કોનના સ્થાપક શ્રીલ પ્રભુપાદને મળ્યા હતા. પ્રભુપાદ પાસેથી પાઠ લીધા પછી, તેમણે સમગ્ર વિશ્વમાં સનાતન ધર્મ અને શ્રી કૃષ્ણના ધર્મનો પ્રચાર કરવાની જવાબદારી ઉપાડી હતી.

પૂજ્ય ગોપાલકૃષ્ણ ગોસ્વામીનો 14મી ઓગસ્ટ, 1944ના રોજ શ્રાવણ વદ એકાદશી, નવી દિલ્હી ખાતે જન્મ થયો હતો. દિલ્હી યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા પછી, પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામીએ પેરિસની સોર્બોન યુનિવર્સિટીમાં બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસ કર્યો. બાદમાં, તેમણે મોન્ટ્રીયલ ખાતેની મેકગિલ યુનિવર્સિટીમાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટર્સ ડિગ્રી પણ મેળવી હતી.

### પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામીનું જીવન

પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામી મહારાજ 1968માં તેમની ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદને મળ્યા હતા. પરમ પવિત્ર તે સમયે ટોરોન્ટોમાં રહેતા હતા. મોન્ટ્રીયલ મંદિરના પ્રમુખનું આમંત્રણ મળતાં તેઓ 30મી મે, 1968ના રોજ ત્યાં પહોંચ્યા. પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામી મંદિરમાં આવ્યા ત્યારે પ્રમુખ એચ.જી. મહાપુરુષ દાસાએ જાહેરાત કરી કે બીજા દિવસે (1લી જૂન) શ્રીલ પ્રભુપાદનું આગમન થશે. કીર્તન પછી પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામીએ મહાપુરુષ દાસાને પૂછ્યું કે શું તેઓ કરી શકે તેવી કોઈ સેવા છે? મહાપુરુષ દાસાએ તરત જ પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામીને શ્રીલ પ્રભુપાદના રૂમને સાફ કરવા મોકલ્યા. પૂ. ગોપાલાકૃષ્ણ ગોસ્વામી કહે છે, “ભક્તિ સેવામાં મારી પ્રથમ સોંપણી તરીકે આ પ્રાપ્ત કરવા માટે હું પૂરતો ભાગ્યશાળી હતો.” તેણે શ્રીલ પ્રભુપાદના એપાર્ટમેન્ટના દરવાજા, છાજલીઓ અને બારીઓ સાફ કરી. આ રીતે, શ્રીલ પ્રભુપાદ પ્રત્યેની તેમની સેવાની વૃત્તિ શરૂઆતથી જ પ્રગટ હતી.

ડિસેમ્બર 1967 ની આસપાસ, શ્રીલ પ્રભુપાદને મળ્યાના છ મહિના પહેલાં પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામીને પરમ ભગવાનને શરણે જવાની તીવ્ર ઈચ્છા હતી. તેમણે ભગવાન વિશે જાણવાની આશાએ ઘણા હિંદુ મંદિરો, ગુરુદ્વારા અને ચર્ચની મુલાકાત લેવાનું શરૂ કર્યું હતું. દર રવિવારે તે એક અલગ ચર્ચ, મંદિર અથવા ગુરુદ્વારા શોધતાં અને ત્યાં આખો દિવસ વિતાવતાં. પૂ. ગોપાલાકૃષ્ણ ગોસ્વામીના પોતાના શબ્દોમાંઃ “જ્યારે હું પ્રથમ વખત શ્રીલ પ્રભુપાદને મળ્યો, ત્યારે ભગવાનને શરણે જવાની પ્રેરણા મારામાં પહેલેથી જ હતી અને તેમને મળ્યાના બે અઠવાડિયાં પછી હું જાણતો હતો કે ભગવાન કૃષ્ણ ઈચ્છે છે કે હું શ્રીલ પ્રભુપાદને શરણે જાઉં”. શ્રીલ પ્રભુપાદ હંમેશાં ભારતીયો પ્રત્યે સહાનુભૂતિશીલ અને અતિશય દયાળુ હતા પરંતુ તેમને સાંભળવા આવતા તમામ ભારતીયોમાં યુવાન ગોપાલકૃષ્ણ ખૂબ જ વિશેષ હતા. જ્યારે અન્ય તમામ ભારતીયો નમસ્કાર કરશે અને થોડી વાર બેસી રહેશે, તે એકમાત્ર ભારતીય હતો જે નિયમિતપણે આવતો હતો અને વ્યાખ્યાન સમાપ્ત થાય ત્યાં સુધી બેસી રહેતો હતો.તે સમયે પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામી પેપ્સી-કોલા માટે કામ કરતા હતા, તેમના માર્કેટિંગ સંશોધનને સંભાળતા હતા. શ્રીલ પ્રભુપાદે તેમનામાં ખૂબ જ અંગત રસ લેવાનું શરૂ કર્યું અને લગભગ દરરોજ તેમની સાથે વાત કરતા. ત્યારથી, બંનેએ નિયમિત પત્રવ્યવહાર શરૂ કર્યો, જેમાં શ્રીલ પ્રભુપાદ દર મહિને ત્રણ જેટલા લાંબા પત્રો લખતા હતા. આમ શરૂ થયો, ખૂબ જ ગાઢ ગુરુ-શિષ્ય સંબંધ. 27મી મે 1969ના રોજ, શ્રીલ પ્રભુપાદે લખ્યું હતું કે, “તમારું નામ પહેલેથી જ ગોપાલકૃષ્ણ છે, તેને બદલવાની કોઈ જરૂર નથી. હવે તમે ગોપાલકૃષ્ણ દાસ તરીકે ઓળખાશો.” ત્યારે તેમની પવિત્રતા માત્ર 25 વર્ષની હતી!

પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામી મંદિરમાં ગયા અને શ્રીલ પ્રભુપાદની સેવામાં સંપૂર્ણ રીતે વ્યસ્ત થયા. ઘણાં વર્ષો સુધી તેમણે તેમના અંગત સચિવ તરીકે કામ કર્યું. શ્રીલ પ્રભુપાદે 1975, પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામીને ભારત મોકલ્યા. તેમણે પૂ.ગોપાલકૃષ્ણ ગોસ્વામીને 1975 થી 1976 સુધી સમગ્ર ભારત માટે નિયામક મંડળના કમિશનર બનાવ્યા હતા. શ્રીલ પ્રભુપાદે ખાસ

> **27મી મે 1969ના રોજ, શ્રીલ પ્રભુપાદે લખ્યું હતું કે, “તમારું નામ પહેલેથી જ ગોપાલા કૃષ્ણ છે, તેને બદલવાની કોઈ જરૂર નથી. હવે તમે ગોપાલા કૃષ્ણ દાસ તરીકે ઓળખાશે. ત્યારે તેમની પવિત્રતા માત્ર 25 વર્ષની હતી!**

કરીને પૂ.ગોપાલકૃષ્ણ ગોસ્વામીને ભારતમાં પુસ્તક-વિતરણને છાપવા અને વિસ્તૃત કરવા સૂચના આપી હતી. ગોપાલકૃષ્ણ શિક્ષણશાસ્ત્રમાં તેજસ્વી હતા.

શ્રીલ પ્રભુપાદ કૃષ્ણકૃપામૂર્તિ હતા, ગુરુદેવ પ્રભુપાદ કૃપામૂર્તિ ગોપાલ કૃષ્ણ ગોસ્વામી મહારાજ હતા. પ્રભુપાદના વચનોથી જીવન સમપિત કર્યું હતું. પ્રભુપાદના ગ્રંથોનું વિતરણ કર્યું હતું. ઘર ઘર સુધી ગીતા પહોંચાડી ભગવદ્ ગીતાનું જ્ઞાનનો પ્રચાર કર્યો હતો. અર્ચના વિગ્રહની સેવા હૃદયથી કરીને ભક્તોના જીવનનો ઉધ્ધાર કર્યો હતો.

પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામી, તેઓ કાર્ડિયાક અરેસ્ટથી પીડાતા હતા. તા. 05-05-2024ના રોજ તેઓ ગોલોકવાસી બન્યા હતા. તેમના નશ્વર દેહને દેહરાદૂનથી મથુરા અને પછી વૃંદાવન લાવવામાં આવ્યો હતો, જ્યાં તેમની સમાધિની વિધિ કરવામાં આવી હતી. પૂ. ગોપાલ કૃષ્ણએ સનાતન ધર્મના પ્રચારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને કેનેડા, કેન્યા, પાકિસ્તાન અને સોવિયેત યુનિયન સહિતના ઘણા દેશોમાં સમુદાયો બનાવ્યા હતા. તેમણે વિશ્વભરનાં મંદિરોમાં સાંસ્કૃતિક કેન્દ્રો પણ બનાવ્યાં હતાં. શ્રી ગુરુદેવને દંડવત્ પ્રણામ.